# માનનીય રમેશભાઈ ટીલાળાની સ્પીચ

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સન્માનનીય ગૃહમાં મને માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન પરની ચર્ચામાં ભાગ લેવાની તક મળી છે ત્યારે હું આ ગૃહ પ્રત્યે મારી આભારની લાગણી પ્રગટ કરું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન પરની ચર્ચામાં ઉદ્યોગ વિષય પર મને જ્યારે બોલવાનો અવસર મળ્યો છે ત્યારે, મારે કહેવું છે કે ઉદ્યોગો વિકાસનું ચાલકબળ છે. રાષ્ટ્રના ઝડપી અને ટકાઉ વિકાસ માટે ઉદ્યોગો જ વિકાસનો પાયો છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મારે હર્ષ સાથે જણાવવું છે કે, દેશનું શાસન જ્યારથી વિકાસપુરુષ એવા આદરણીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીસાહેબના હાથમાં આવ્યું છે, ત્યારથી એમણે નવા ઉદ્યોગો અનેઉદ્યોગ સાહસિકો ભારતમાં આવે એ માટે અનુકૂળ વાતાવરણ અને જરુરી માળખાકીય સગવડો સાથે કર રાહતો આપીને ઉદ્યોગોને સ્થિર થવાની તક પૂરી પાડી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

એક સમય એવો હતો, જ્યારે આપણે સંરક્ષણના મોટા ભાગના સાધનો માટે બીજા દેશ પર આધાર રાખતા હતા. આજે મોદી સાહેબના સફળ અને વિઝનરી નિર્ણયો થકી તેજસ જેવા નવી પેઢીના વિમાનો આપણે બનાવીને સેનામાં સામેલ કર્યાં છે. આજે આપણે બ્રહ્મોસ મિસાઈલની નિકાસ કરીએ છીએ. અત્યાધુનિક ડ્રોનનું નિર્માણ આપણે ત્યાં થાય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

કોઈપણ દેશનો વિકાસ સરકારની નીતિને આધારે થતો હોય છે. દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ સારી નીતિઓ બનાવીને ઉદ્યોગોનો વિકાસ કર્યો છે જે મને જણાવતા ખૂબ જ આનંદ થાય છે કે હું પણ ઉદ્યોગ જગતમાંથી આવું છું અને સરકારની રાષ્ટ્રીય નીતિને આધારે ડીફેન્સ એરોસ્પેસ, એરબસ બોઈંગ જેવા પાર્ટ સપ્લાય કરવાની મને તક મળી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની દિર્ઘદ્રષ્ટ્રીથી ચાલુ વર્ષે જી-૨૦ની ઈવેન્ટ ભારતમાં મળી હતી જે સમગ્ર ભારત માટે ગૌરવની વાત હતી. તે માટે આપણે નરેન્દ્રભાઈ મોદી સાહેબના આભારી છીએ.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આત્મનિર્ભર ભારતનું સપનું આજે સાકાર થતું જણાય છે. જે માટે હું આદરણીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબના સફળ નેતૃત્વ અભિનંદન પાઠવું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

સ્ટાર્ટ અપ પોલિસી અને મેક ઈન ઈન્ડિયાના વિઝનથી આજે દેશ ઉદ્યોગોના વિકાસની નવી ઊંચાઈ પર છે. યુદ્ધ વિમાનના ઉત્પાદન માટે આપણે આગળ વધી રહ્યા છીએ. મોબાઇલ ઉત્પાદન સાથે સેમિકન્ડકટર ઉત્પાદન એકમો આપણે ત્યાં ધમધમવાના શરૂ થયા છે. દેશનું ગ્રોથ એન્જિન ગણાતા ગુજરાતમાં પણ આદરણીય ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર દ્વારા ઉદ્યોગોને વિકાસ માટે સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવામાં આવી રહ્યું છે. જે માટે હું ગુજરાત સરકારને પણ અભિનંદન પાઠવું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

વાઈબ્રન્ટ સમિટ દ્વારા ગુજરાતે કરેલી નવી પહેલથી ઉદ્યોગો માટે ક્રાંતિકારી વાતાવરણ નિર્માણ કર્યું છે. ધોલેરા સર અને સાણંદ તથા બેચરાજી ક્ષેત્ર નવા

ઉદ્યોગ સ્પોટ તરીકે ખૂબ ઝડપથી ઊભરી રહ્યા છે. ઇકો ટુરિઝમ, ઇન્ડસ્ટ્રીયલ ટુરિઝમ, ઓટોમોબાઈલ સેકટર, સોલર ઊર્જા, સેમીકન્ડક્ટર સેકટર, રેલ્વે પ્રોજેકટ, પેટ્રોલિયમ સેકટર, કૃષિ આધારિત ઉદ્યોગો, પ્રવાસન ઉદ્યોગ, ફાર્મા સેકટર જેવા અનેક ઉદ્યોગો માટે ગુજરાત સરકારે સાનુકૂળ નીતિ અપનાવી હોવાથી ગુજરાતમાં ધમધમી રહ્યા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**
રાજકોટનો ફાઉન્ડ્રી તેમજ ઓટોપાર્ટ્સ ઉદ્યોગ, મોરબીનો સિરામિક ઉદ્યોગ, દરિયાઈ ક્ષેત્રે મીઠા ઉદ્યોગ, અંકલેશ્વરનો કેમિકલ ઉદ્યોગ, ફૂડપ્રોસેસિંગ ઉદ્યોગ, સોલાર ઉર્જા અને વિન્ડ એનર્જી જેવા ઉદ્યોગો સાથે મેડિકલ ઉદ્યોગ જેવા ઉદ્યોગો આપણે ત્યાં ખૂબ જ વિકાસ પામ્યા છે. સરકારની અનુકૂળ નીતિઓને કારણે જ આ શક્ય બન્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**
ગુજરાતનો વિકાસ આજે દેશના વિકાસમાં બહુ મોટો ફાળો આપી રહયો છે. રિલાયન્સ અને અદાણી તથા નિરમા જેવા મોટા ગુજરાતી ઉદ્યોગગૃહો આજે દેશમાં ડંકો વગાડી રહ્યા છે. રોજગારની વિપુલ શક્યતાઓ અને ગુણવત્તાયુક્ત ઉત્પાદનોએ વિશ્વમાં ગુજરાતની શાખ વધારી છે. જે આપણા સૌ માટે ગર્વની બાબત છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**
માનનીય રાજ્યપાલશ્રી દ્વારા ગૃહમાં જે સંબોધન થયું એ આપણા સૌ માટે પ્રેરણાદાયક બની રહેવાનું છે ત્યારે હું આ સંબોધનને સમગ્ર ગુજરાત રાજ્યની પ્રજા વતી આવકારું છું અને હાર્દિક અનુમોદન આપું છું.

**જય જય ગરવી ગુજરાત**